69 0.5 kg નો બોલ 0.4m ની ત્રિજ્યા વાળા વર્તુળ પર 4 ms^{-1} થી ગતિ કરે છે. બોલ પર લાગતું કેન્દ્રગામી બળ થશે.

(A) 10N (B) 20N

(C) 40N (D) 80N

Answer : B

70 100m ત્રિજ્યાના વર્તુળે પર એક ગાડી 20 m/s થી ગતિ કરે છે. તે 3 m/s^2 ના દરથી પોતાની ઝડપ વધારે છે, તો તેનો પ્રવેગ ?

(A) $3 m/s^2$ (B) $4 m/s^2$

(C) $5 m/s^2$ (D) $7 ms^{-1}$

Answer : C

71 1500 kg ની ગાડી સમતલ રસ્તા પર જ ત્રિજ્યા 35 m છે. તેના પર ગતિ કરે છે. ટાયર અને તળિયા વચ્ચેનો સ્થિતિ ઘર્ષણાંક 0.5 છે. તો ગાડી સફળતાપૂર્વક વળાંક લઈ શકે તે માટેની મહત્તમ સલામત ઝડપ કેટલી હશે ?

(A) 13.1 m/s (B) 15.1 m/s

(C) 20 m/s (D) 25 m/s

Answer : A

ઉકેલ :



www.scienceeducare.com

$\mu mg = \frac{mv^2}{r} \Rightarrow v = \sqrt{\mu gr} = \sqrt{0.5 \times 9.8 \times 35} = 13.1 \text{ m/s}$

72 . એક પાણી ભરેલી ડોલને 1 m લાંબી દોરી બાંધીને શિરોલંબ વર્તુળમાં ભ્રમણ કરાવવામાં આવે છે. તો તેના સૌથી ઊંચા બિંદુએ તેની ઓછામાં ઓછી ઝડપ શોધો જેથી પાણી છલકાય નહિ.

(A) $\sqrt{g}$ (B) $\sqrt{2g}$

(C) $\sqrt{\frac{g}{2}}$ (D) $\sqrt{5g}$

Answer : A

73 . એક કણ R ત્રિજ્યાના અર્ધ વર્તુળને ટોચના બિંદુએ સ્થિર છે. તો કણ સરક્યા વગર સપાટીને છોડે તે દરમિયાન ન્યૂનત્તમ રેખીય વેગ શોધો.

(A) $v = \sqrt{2gR}$ (B) $v = \sqrt{\frac{Rg}{2}}$

(C) $v = \sqrt{gR}$ (D) $v = \sqrt{\frac{2g}{R}}$

Answer : C

ઉકેલ :



$mg - N = \frac{mv^2}{R}$

સપાટી છોડવા માટે (સપાટી પરથી મુક્ત થવા માટે) $N = 0$

$\Rightarrow mg = \frac{mv^2}{R} \Rightarrow v = \sqrt{gR}$

74 શિરોલંબ સમતલમાં વર્તુળ પર ગતિ કરતાં પદાર્થનો સૌથી ઊંચા બિંદુએ ક્રીટીકલ ઝડપ શોધો.

(A) $\sqrt{rg}$ (B) $\sqrt{2rg}$

(C) $\sqrt{5rg}$ (D) $\sqrt{4rg}$

Answer : A

75 એક દળ શિરોલંબ વર્તુળાકાર કરે છે. જો કણની સરેરાશ વેગ વધતો હોય, ત્યારે કયા બિંદુએ દોરી તૂટી જવાની શક્યતા મહત્તમ હોય.



(A) A
(B) B
(C) C
(D) D

Answer : B

76 એક ગાડી બહિર્ગોળ પુલ પરથી પસાર થતી હોય ત્યારે તેના પર લાગતું બળ :

(A) $Mg + \frac{Mv^2}{r}$ (B) $\frac{Mv^2}{r}$

(C) mg (D) ઉપરના એક પણ નહિ

Answer : D

77 સર્કસમાં સ્ટંટમેન મોટર બાઈક પર શિરોલંબ સમતલમાં R ત્રિજ્યાના વર્તુળાકારે પથ પર ગતિ કરે છે. તો ટ્રેકના સૌથી ઊંચા બિંદુએ ઓછામાં ઓછી ઝડપ કેટલી હશે ?

(A) $\sqrt{2gR}$ (B) 2gR

(C) $\sqrt{3gR}$ (D) $\sqrt{gR}$

Answer : D

78 0.2 kg દળનો પથ્થર 0.1 m લંબાઈના દોરી સાથે બાંધીને શિરોલંબ વર્તુળમાં ફેરવવામાં આવે છે. જ્યારે પથ્થર વર્તુળના સૌથી નીચા બિંદુએ પહોંચે છે ત્યારે દોરીમાં તણાવબળ 52N હોય છે, ત્યારે પથ્થરનો વેગ ?

(A) 4 m/s (B) 5 m/s
(C) 6 m/s (D) 7 m/s

Answer : B

79 એક પોલા ગોળાની ત્રિજ્યા 6.4 m છે. તો સાયકલ સવારને તળિયેથી વર્તુળ પૂરુ કરા માટે જરૂરી ન્યૂનત્તમ વેગ કેટલો થશે ?

(A) 17.7 m/s (B) 10.2 m/s
(C) 12.4 m/s (D) 16.0 m/s

Answer : A

ઉકેલ : વર્તુળ પૂર્ણ કરવા માટે $\frac{mv_0^2}{R} = mg \Rightarrow v_0{}^2 = gR$

હવે ઉર્જા સંરક્ષણ પરથી,



$K_1 + U_1 = K_2 + U_2 \Rightarrow \frac{1}{2}mv^2 + 0 = \frac{1}{2}mv_0{}^2 + mg(2R)$

$\Rightarrow v^2 + gR + 4gR \Rightarrow v = \sqrt{5gR}$

$\Rightarrow v = \sqrt{5 \times 10 \times 6.4} = 17.7 \text{m/s}$

80 એક ફાઈટર વિમાન 'r' ત્રિજ્યાના શિરોલંબ વર્તુળમાં ગતિ કરે છે. તેની વર્તુળના ઊંચામાં બિંદુએ વેગ :-?

(A) $\sqrt{3gr}$ (B) $\sqrt{2gr}$

(C) $\sqrt{gr}$ (D) $\sqrt{\frac{gr}{2}}$

Answer : C

81 એક જંતુ 12 cm ત્રિજ્યાના વર્તુળાકાર ખાંચામાં ભરાય ગયું છે. તે 100 s માં સતત ગતિ કરતાં 7 ભ્રમણ પૂર્ણ કરે છે. તો તેની ગતિની રેખીય ઝડપ શોધો.

(A) 2.3 cm/s (B) 5.3 cm/s
(C) 0.44 cm/s (D) ઉપરના એક પણ નહિ

Answer : B

ઉકેલ : $r = 12 \text{ cm}; n = \frac{7}{100} = 0.07 \text{ rev/s}$

$\therefore \omega = 2\pi n \therefore v = \omega r = 2\pi nr$

$v = 2 \times \frac{22}{7} \times \frac{7}{100} \times 12 = 5.28 \cong 5.3 \text{ cm/s}$

82 1 kg દળનો પથ્થર 1 m લાંબી દોરીના છેડે બાંધેલો છે. તેને શિરોલંબ વર્તુળમાં ફેરવવામાં આવે છે. ટોચ પર પથ્થરનો વેગ 4 m/s છે, તો દોરીમાં ઉદ્ભવતું તણાવબળ શોધો.

(A) 6 N (B) 16 N

www.scienceeducare.com

(C) 5 N (D) 10 N

Answer : A

83 r ત્રિજ્યાના શિરોલંબ વર્તુળમાં તેના પથ પર કયા બિંદુએ તણાવબળ શૂન્ય થશે ?

(A) સૌથી ઊંચા બિંદુએ

(B) સૌથી નીચા બિંદુએ

(C) કોઈ પણ બિંદુએ

(D) સમક્ષિતિજ દિશામાં ત્રિજ્યાની મધ્યમાં

Answer : A

84 એક પથ્થરના દોરીના એક છેડે બાંધીને શિરોલંબ વર્તુળમાં ફેરવવામાં આવે છે. દોરીમાં ઉદ્ભવતું તણાવબળ મહત્તમ થશે જ્યારે,

(A) દોરી સમક્ષિતિજમાં આવે

(B) દોરી પથ્થરને સૌથી ઊંચા બિંદુએ શિરોલંબમાં

(C) દોરી પથ્થરને સૌથી નીચા બિંદુએ શિરોલંબમાં છે.

(D) જ્યારે દોરી શિરોલંબ સાથે 45^0 નો ખૂણો બનાવતી હોય

Answer : C

85 એક વજનરહિત દોરી 30 N સુધીનું તણાવબળ સહન કરી શકે છે. 0.5 kg નો પથ્થર તેની સાથે બાંધવામાં આવે છે અને 2m ત્રિજ્યાના વર્તુળમાં શિરોલંબ સમતલમાં ભ્રમણ કરાવવામાં આવે છે. જો g = 10 m/s^2 ત્યારે પથ્થરનો મહત્તમ કોણીય વેગ કેટલો થશે ?

(A) 5 rad/s (B) $\sqrt{30}$ rad/s

(C) $\sqrt{60}$ rad/s (D) 10 rad/s

Answer : A

86 એક કણ શિરોલંબ વર્તુળમાં ભ્રમણ કરે છે. ત્યારે તેની સૌથી નીચા બિંદુએથી શિરોલંબ સાથે 30° અને 60° ના ખૂણે દોરીમાં તણાવબળ અનુક્રમે T_1 અને T_2 છે, તો

(A) $T_1 = T_2$ (B) $T_1 > T_2$

(C) $T_1 < T_2$ (D) $T_1 \geq T_2$

Answer : B

ઉકેલ :



$$T = \frac{mv^2}{r} + mg\cos\theta$$

જેમ θ વધે તેમ cos θ અને v બંને ઘટે. જેથી θ = 60°

T ઓછો થશે એટલે કે $T_1 > T_2$

87 . પથ્થરને હલકી દોરીના એક છેડે બાંધીને શિરોલંબ વર્તુળમાં કરાવવામાં આવે છે. દોરીમાં ઉદ્ભવતાં મહત્તમ અને ન્યૂનત્તમ તણાવબળનો તફાવત 2 kg છે, તો પથ્થરનું દળ કેટલું હોવું જોઈએ.

(A) 1 kg (B) 6 kg

(C) 1/3 kg (D) 2 kg

Answer : C

ઉકેલ :



$$T_{max} = mg + \frac{mv^2}{r} = mg + \frac{m}{r} \times 5gr = 6mg, \ T_{min} = 0$$

$$T_{max} - T_{min} = 6\ mg$$

$$\therefore 6mg = 2kg \Rightarrow m = \frac{1}{3}\ kg$$

88 જો પુલે બહિર્ગોળના બદલે અંતર્ગોળ હોય, તો સૌથી નીચેના બિંદુએ રોડ વડે લાગતો ધક્કો કેટલો હશે ?

(A) $mg + \frac{mv^2}{r}$ (B) $mg - \frac{mv^2}{r}$

(C) $\frac{m^2v^2g}{r}$ (D) $\frac{v^2g}{r}$

Answer : A

89 . l લંબાઈના સળિયાના છેડે m દળનું વજન જોડેલું છે. આ દળ એક જડિત આધારના કેન્દ્ર સાથે લટકાવેલું છે. તો વર્તુળના તળિયે દળનો ઓછામાં ઓછો કેટલો વેગ હશે જેથી તે એક ચક્કર પૂરું કરી શકે ?

(A) $\sqrt{4g\ell}$ (B) $\sqrt{3g\ell}$

(C) $\sqrt{5g\ell}$ (D) $\sqrt{g\ell}$

Answer : A

ઉકેલઃ મહત્તમ ઊંચા બિંદુએ પદાર્થની ગતિ શૂન્ય હોય શકે. કારણકે સળિયો પદાર્થને ટેકો આપશે.



$$\therefore \frac{1}{2}mv^2 = 0 + mg(2\ell) \Rightarrow v = \sqrt{4g\ell}$$

90 નેશનલ હાઈવે પર રોડના વક્રની ત્રિજ્યા R રોડની પહોળાઈ b છે. રસ્તાની બહારની બાજુ તેની અંદરની બાજુથી h ઊંચાઈએ રાખેલી છે. જેથી વાહન v જેટલી ઝડપે સલામત રીતે પસાર થઈ શકે, તો h શોધો.

(A) $\frac{v^2b}{Rg}$ (B) $\frac{v}{Rgb}$

(C) $\frac{v^2R}{bg}$ (D) $\frac{v^2b}{R}$

Answer : A

ઉકેલઃ



$$N\sin\theta = \frac{mv^2}{R} \text{ અને } N\cos\theta = mg$$

$$\Rightarrow \tan\theta = \frac{v^2}{Rg} = \frac{h}{b} \Rightarrow h = \frac{bv^2}{Rg}$$

www.scienceeducare.com

91 રસ્તાનો ઢોળાવનો ખૂણો અચળ રાખતાં વાહનની મહત્તમ સલામત ઝડપ 10% જેટલી વધી જાય છે. રસ્તાની વક્રની ત્રિજ્યા 20 m થી બદલીને કેટલી કરવી જોઈએ ?

(A) 16m (B) 18m

(C) 24.20 m (D) 30.5 m

Answer : C

92 એક વિપુલ જથ્થામાં રહેલાં ન્યુટ્રોનનો તારાના ભ્રમણનો દર 1 ભ્રમણ/સેકન્ડનો છે. તારાની ત્રિજ્યા 20 km છે. તારાના વિષુવવૃત્ત પર રહેલાં કોઈ કણનો પ્રવેગ m/s^2 માં કેટલો થશે ?($\pi^2 \approx 10$)

(A) 8×10^5 (B) 20×10^3

(C) 12×10^6 (D) 4×10^8

Answer : A

93 એક 1 kg નો દળ ધરાવતો પદાર્થને દોરી સાથે બાંધીને 0.1 m ત્રિજ્યાના સમક્ષિતિજ વર્તુળમાં 3 ભ્રમણ/સેકન્ડથી ભ્રમણ કરાવવામાં આવે છે. ગુરૂત્વાકર્ષણની અસર અવગણો. તો રેખીય વેગ, પ્રવેગ અને દોરીમાં ઉદ્ભવતું તણાવબળ શોધો.

(A) 1.88 m/s, 35.5 m/s^2, 35.5 N

(B) 2.88 m/s, 45.5 m/s^2, 45.5 N

(C) 3.88 m/s, 55.5 m/s^2, 55.5 N

(D) એક પણ નહિ

Answer : A

94 જ્યારે પંખાને સ્વીચ ઓફ કરવામાં આવે, તો તેનો કોણીય વેગ 50% ઘટી જાય છે ત્યારે 36 ભ્રમણ કરે છે. તે સ્થિર થતાં પહેલાં કેટલાં ભ્રમણ કરશે ?

(A) 18 (B) 12

(C) 36 (D) 48

Answer : B

95 42 m વ્યાસના ગોળાની ટોચ પર એક કણ સ્થિર પડેલો છે. તેને થોડીક ખલેલ પહોંચાડતાં તે સરકીને નીચે આવે છે. તો તળિયાથી કઈ ઊંચાઈએ 'h' ગોળાની સપાટીનો સંપર્ક છોડી દેશે?

(A) 14 m (B) 28 m

(C) 35 m (D) 7 m

Answer : C

ઉકેલ: જ્યારે ગોળાને છોડશે ત્યારે લંબ પ્રતિક્રિયા બળ શૂન્ય થશે.



જેથી $mg\cos\theta = \frac{mv^2}{R}$ અથવા $\cos\theta = \frac{v^2}{Rg}$

$$\Rightarrow \frac{h-r}{R} = \frac{v^2}{Rg} \Rightarrow v^2 = g(h-R)$$

ફરીથી $\frac{1}{2}mv^2 = mg\,(2R-h)$

$$\frac{1}{2}g(h-R) = g\,(2R-h) \Rightarrow h - R = 4R - 2h$$

$$\Rightarrow 3h = 5R \Rightarrow h = \frac{5R}{3} \Rightarrow h = \frac{5}{3} \times 21 = 35\text{ m}$$

96 એક પથ્થરને 1 m લાંબી દોરીના છેડે બાંધીને સમક્ષિતિજ વર્તુળમાં અચળ ઝડપે ફેરવવામાં આવે છે. જો પથ્થર 44 સેકન્ડમાં 22 ભ્રમણ કરતો હોય, તો પથ્થરનો પ્રવેગનું મૂલ્ય અને દિશા શોધો.

(A) $\pi^2 ms^{-2}$ અને દિશા વર્તુળના સ્પર્શકની દિશામાં

(B) $\pi^2 ms^{-2}$ અને દિશા ત્રિજ્યા પર વર્તુળના કેન્દ્ર તરફ

(C) $\frac{\pi^2}{4} ms^{-2}$ અને દિશા ત્રિજ્યા પર વર્તુળના કેન્દ્ર તરફ

(D) $\pi^2 ms^{-2}$ અને ત્રિજ્યાથી દૂર કેન્દ્રથી દૂર તરફ

Answer : B

ઉકેલ: $\omega = \frac{2\pi n}{T} = 2 \times \pi \times \frac{22}{44} = \pi$

કેન્દ્રગામી પ્રવેગ $a_c = \omega^2 r = \pi^2 \times 1 = \pi^2 m/s^2$ કેન્દ્ર તરફ

97 એક કણ (r) ત્રિજ્યાના વર્તુળાકાર પથ પર નિયમિત ગતિ કરે છે. 1 સેકન્ડમાં કણ દ્વારા દર્શાવાતો ખૂણો કેટલો થશે.

(A) $v r^{-1}$ (B) $v^{-1} r$

(C) $v r^{-2}$ (D) $v^2 r$

Answer : A

98 . એક લોલક 3 m/s તેના સૌથી નીચેના બિંદુએથી પસાર થાય છે. લોલકની ઊંચાઈ 0.5 m છે. જ્યારે તે શિરોલંબ સાથે 60° નો ખૂણો બનાવે ત્યારે તેની ઝડપ શોધો.

(A) 2 m/s (B) 1 m/s

(C) 4 m/s (D) 3 m/s

Answer : A

ઉકેલ:



$$h = \ell - \ell\cos 60° \Rightarrow h = \ell - \ell \times \frac{1}{2}$$

યાંત્રિક ઊર્જાના સંરક્ષણના નિયમ દ્વારા, $\frac{1}{2}mu^2 = \frac{1}{2}mv^2 + mgh$

$$\therefore v^2 = u^2 - 2g\frac{\ell}{2} \Rightarrow v = \sqrt{(3)^2 - 10 \times \frac{1}{2}} = 2m/s$$

99 એક કણ (r) ત્રિજ્યાના વર્તુળાકાર પથ પર (v) ઝડપથી ગતિ કરે છે, જો ઝડપ અને ત્રિજ્યા બંને બમણી કરવામાં આવે, તો કેન્દ્રગામી બળ.......

(A) સમાન (B) બમણું

(C) ચોથા ભાગનું (D) આઠ ગણું થશે

Answer : B

100 2 kg દળને દોરી સાથે બાંધીને સમક્ષિતિજ વર્તુળમાં 5 r.p.m. ની પ્રારંભિક ઝડપથી ફેરવવામાં આવે છે. ત્રિજ્યા અચળ રાખીને દોરીમાં તણાવબળ બમણું કરતાં પદાર્થની નવી ઝડપ કેટલી થશે ?

(A) 7 r.p.m. (B) 14 r.p.m.

(C) 10 r.p.m. (D) 20 r.p.m.

Answer : A

101 બે કણોના વર્તુળાકાર પથની ત્રિજ્યા સમાન છે અને તેમના દળનો ગુણોત્તર 1 : 2 છે. જો તેમના કેન્દ્રગામી બળ સમાન હોય, તો તેમના વેગનો ગુણોત્તર કેટલો હોવો જોઈએ ?

scienceeducare.com

(A) $1:\sqrt{2}$ (B) $\sqrt{2}:1$
(C) 4 : 1 (D) 1 : 4
Answer : A

102 જો વર્તુળાકાર પથની ત્રિજ્યા બમણી કરવામાં આવે, પરંતુ તેના ભ્રમણની આવૃત્તિ અચળ રાખવામાં આવે છે. જો પ્રારંભિક કેન્દ્રગામી બળ F હોય તો, અંતિમ કેન્દ્રગામી બળ કેટલું થશે ?

(A) F (B) $\frac{F}{2}$
(C) 4F (D) 2F
Answer : D

ઉકેલ: $F_C = m\omega^2 r = m(2\pi n)^2 r$

કોણીય આવૃતિ n = અચળ

$\therefore F_C \propto r \therefore \frac{F_{C_2}}{F} = \frac{2r}{r} \Rightarrow F_{C_2} = 2F$

103 એક વજન રહિત દોરી 3.7 kg નું વજન સહન કરી શકે છે. એક 500 gm નો પથ્થર બાંધીને 4m ની ત્રિજ્યાળા શિરોલંબ સમતલમાં ભ્રમણ કરાવતાં પથ્થરનો મહત્તમ કોણીય વેગ કેટલો થશે ?(g = 10 ms^{-2})

(A) 16 rad/s (B) $\sqrt{21}$ rad/s
(C) 2 rad/s (D) 4 rad/s
Answer : D

104 એક પદાર્થ શિરોલંબ વર્તુળનો સૌથી ઉંચુ બિંદુ ક્રિટીકલ ઝડપે પાર કરે છે. જ્યારે દોરી સમક્ષિતિજ હોય ત્યારે કેન્દ્રગામી પ્રવેગ કેટલો હશે ?

(A) g (B) 2g
(C) 3g (D) 6g
Answer : C

105 એક 'm' દળનો નાનો કણ r ત્રિજ્યાના અર્ધગોળ બાઉલ સૌથી ઉપરના બિંદુથી નીચે સરકે છે. કણ અને બાઉલની સપાટી ઘર્ષણ રહિત છે. કઈ ઊંચાઈએ કણ ગોળાની સપાટી સાથે સંપર્ક છોડી દેશે ?

(A) $\frac{2r}{3}$ (B) $\frac{3r}{2}$
(C) $\frac{r}{2}$ (D) $\frac{r}{3}$
Answer : A

ઉકેલ:



$(\text{ગતિ ઉર્જા} + \text{સ્થિતિ ઉર્જા})_A = (\text{ગતિ ઉર્જા} + \text{સ્થિતિ ઉર્જા})_B$

$O + mgr = \frac{1}{2}mv^2 + mg(r-h)$

$\frac{v^2}{2} = gh \Rightarrow v^2 = 2gh$ ....(i)

$mg\cos\theta - N = \frac{mv^2}{r}$

જો N = 0 હોય તો તે ગોળ ાની સપાટી છોડશે.

તેથી $mg\cos\theta = \frac{mv^2}{r} \Rightarrow v^2 = gr\cos\theta$ ....(ii)

સમીકરણ (i) અને (ii) પરથી, $2gh = gr\cos\theta$ પરથી, $\cos\theta = \frac{2h}{r}$

પણ ΔCMB ત્રિકોણ પરથી $\cos\theta = \frac{r-h}{r} \therefore \frac{2h}{r} = \frac{r-h}{r}$

$\Rightarrow 2h = r - h \Rightarrow 3h = r \Rightarrow h = \frac{r}{3}$

106 'm' દળનો કણ (r) ત્રિજ્યાનું વર્તુળ દર્શાવે છે. કણનું કેન્દ્રગામી પ્રવેગ $\frac{4}{r^2}$ છે. કણનો વેગમાન શોધો.

(A) $\frac{2m}{r}$ (B) $\frac{2m}{\sqrt{r}}$
(C) $\frac{4m}{r}$ (D) $\frac{4m}{\sqrt{r}}$
Answer : B

107 ધારો કે 'θ' એ દોલન કરતાં સાદા લોલકનું કોણીય સ્થાનાંતર દર્શાવે છે. જો લોલકનું દળ (m) છે. ત્યારે દોરીમાં ઉદ્ભવતું તણાવબળ mg cos એ

(A) હંમેશા (B) કદી નહી
(C) મહત્તમ પરિસ્થિતિએ (D) સૌથી ન્યૂનત્તમ પરિસ્થિતિએ હશે.
Answer : C

108 L લંબાઈના લોલકનું દળ m છે. જો લોલક સમક્ષિતિજ સ્થિતિમાં ડાબે બાજુ દોલન કરે છે. તો સૌથી નીચેના બિંદુએ લોલકની ઝડપ અને તણાવબળ અનુક્રમે.....

(A) $m\sqrt{2gL}$ અને 3mg (B) 3 mg અને
(C) 2mg અને $\sqrt{2gL}$ (D) 2 gL અને 3 mg
Answer : A

ઉકેલ:



$O + mgh = \frac{1}{2}mv^2 + O$

$v^2 + 2gL \Rightarrow v = \sqrt{2gL}$

$T = mg + \frac{mv^2}{L} = mg + \frac{m}{L} \times 2gL = 3mg$

109 એક કણ વર્તુળાકાર પથ પર ગતિ કરે છે. કોઈ ક્ષણે કણનો કોણીય વેગ, રેખીય વેગ, કોણીય પ્રવેગ અને કેન્દ્રગામી પ્રવેગ અને અનુક્રમે $\vec{\omega}, \vec{v}, \vec{\alpha}$ અને $\vec{a}_c$ છે. તો નીચેનામાંથી કયું વિધાન કે વિધાનો સાચા છે.

(1) $\vec{\omega} \perp \vec{v}$ (2) $\vec{\omega} \perp \vec{\alpha}$
(3) $\vec{v} \perp \vec{a}_c$ (4) $\vec{\omega} \perp \vec{a}_c$
(A) 1, 2, 4 (B) 2, 3, 4

www.scienceducare.com

(C) 1, 2, 3 (D) 1, 3, 4

Answer : D

110 એક 0.5 m ત્રિજ્યા અને 0.2 m ઊંચાઈના અર્ધગોળમાં 10gm નો નાનો પદાર્થ મૂકેલો છે. બાઉલ કઈ કોણીય ભ્રમણ કરતાં દળ સમતુલનમાં આવશે.(g = 10 m/sec^2)



(A) $\frac{10}{\sqrt{3}}$ rad/s (B) $10\sqrt{3}$ rad/s

(C) 10 rad/s (D) $\sqrt{20}$ rad/s

Answer : A

ઉકેલ:



$N \sin \theta = m\omega^2 r$ અને $N\cos\theta = mg$

$\therefore \tan \theta = \frac{m\omega^2 r}{mg} = \frac{\omega^2 r}{g}$

ΔOAP પરથી $\tan\theta = \frac{0.4}{0.3} = \frac{4}{3}$

$\therefore \omega = \sqrt{\frac{4g}{3r}} = \sqrt{\frac{4 \times 10}{3 \times 0.4}} = \frac{10}{\sqrt{3}}$ rad / s

111 . એક પદાર્થ અચળ ઝડપથી વર્તુળ પર ભ્રમણ કરે છે. જો તેની ગતિની દિશા વિરુદ્ધ કરવામાં આવે તો તેની ઝડપ સમાન રહે છે, તો.....

(1) કેન્દ્રગામી બળના મૂલ્યમાં કોઈ ફરક પડશે નહિ

(2) કેન્દ્રગામી બળની દિશા ઉલટાઈ જશે

(3) કેન્દ્રગામી બળની દિશામાં કોઈ ફરક પડશે નહિ

(4) કેન્દ્રગામી બળનું મૂલ્ય બમણું થશે

(A) 1, 2

(B) 2, 3

(C) 3, 4

(D) 1, 3

Answer : D

112 એક પદાર્થને L લંબાઈની દોરી સાથે બાંધી શિરોલંબ વર્તુળમાં ન્યૂનત્તમ વેગથી ભ્રમણ કરાવવામાં આવે છે. જ્યારે તે સૌથી ઉપરના બિંદુએ પહોંચતા દોરી તૂટી જતાં પદાર્થ ગુરૂત્ત્વાકર્ષણબળની હાજરીમાં પરવલયે આકારના ગતિપથમાં જમીન પર પડે છે. તો પદાર્થની સમક્ષિતિજ દિશામાં કાપેલું અંતર AC શોધો.



(A) x = L (B) x = 2L

(C) $x = 2\sqrt{2L}$ (D) $x = \sqrt{2L}$

Answer : B

ઉકેલ : મહત્તમ બિંદુઓ ન્યૂનતમ વેગનો બંધગાળો રચવા માટે $v = \sqrt{gL}$

કણ દ્વારા લાગતો સમય $t = \sqrt{\frac{2h}{g}} = \sqrt{\frac{2 \times 2L}{g}} = 2\sqrt{\frac{L}{g}}$

$\therefore$ સમક્ષિતિજ અવધિ $x = vt = \sqrt{gL} \times 2\sqrt{\frac{L}{g}} = 2L$

113 એક કણ (P) એ (V) જેટલી નિયમિત ઝડપથી વર્તુળ પર ગતિ કરે છે. C એ વર્તુળનું કેન્દ્ર અને AB એ વ્યાસ છે. જ્યારે કણ B બિંદુએ પહોંચે ત્યારે (A) અને (C) પાસે કણના કોણીય વેગનો ગુણોત્તર કેટલો થશે ?

(A) 1 : 1 (B) 1 : 2

(C) 2 : 1 (D) 4 : 1

Answer : B

114 એક છોકરો તેના હાથમાં લોલક લઈને વર્તુળાકાર પ્લેટફોર્મની કિનારી પર ઊભો છે. જેની ત્રિજ્યા r અને તે ω જેટલી કોણીય ઝડપથી ગતિ કરે છે. લોલક એ કયા θ જેટલા ખૂણે શિરોલંબ સાથે લટકાવેલું હશે ?

(A) tan θ = 0 (B) $\tan\theta = \frac{\omega^2 r^2}{g}$

(C) $\tan\theta = \frac{r\omega^2}{g}$ (D) $\tan\theta = \frac{g}{\omega^2 r}$

Answer : C

115 એક દળને દોરી સાથે બાંધીને શિરોલંબ વર્તુળમાં 5 m/s ની નિયમિત ઝડપથી આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે ગતિ કરાવવામાં આવે છે. P બિંદુ પાસે દોરી તૂટી જાય છે. તો દળ P બિંદુએથી કેટલી ઊંચાઈએ પહોંચશે ?



(A) ?1 m (B) 0.5 m

(C) 1.27 m (D) 1.25 m

Answer : D

116 એક મોટર સાયકલ સવાર સીધા રસ્તા પર 72 km/hr ની વેગથી ગતિ કરે છે અને તે રોડના વક્રની ત્રિજ્યા 20 m હોય ત્યારે વળાંક લે છે. ગુરૂત્ત્વાકર્ષણના કારણે પ્રવેગ 10 m/s^2 છે. બાઈકને સરકવા ન દેવા તેણે શિરોલંબ સાથેથી કેટલા ખૂણાથી વધારે ખૂણે બાઈક નમાવવું જોઈએ નહિ.

(A) $\theta = \tan^{-1}6$ (B) $\theta = \tan^{-1}2$

(C) $\theta = \tan^{-1}25.92$ (D) $\theta = \tan^{-1}4$

Answer : B

ઉકેલ : $v = 72\,km/h = 72 \times \frac{5}{18} = 20\,m/s$ અને $\tan\theta = \frac{v^2}{rg} = \frac{(20)^2}{20 \times 10} = 2 \Rightarrow \theta = \tan^{-1} 2$

117 એક સાયકલ સવાર 34.3m પરીઘના વર્તુળાકાર પથ $\sqrt{22}$ માં ચક્કર મારે છે. તો તેના દ્વારા શિરોલંબ સાથે બનાવેલો ખૂણઓ કેટલો થશે ?

(A) 45^0 (B) 40^0

(C) 42^0 (D) 48^0

Answer : A

www.scienceeducare.com

ઉકેલ : $v = \frac{34.3}{\sqrt{22}}$ અને $r = \frac{34.3}{2\pi}$

$$\tan\theta = \frac{v^2}{rg} = \frac{\left(\sqrt{\frac{34.3}{\sqrt{22}}}\right)^2}{\frac{34.3}{2\pi} \times 9.8} = 1 \Rightarrow \theta = 45^\circ$$

118 ત્રણ એકસમાન કણોને આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે દોરીથી બાંધેલા છે. આ ત્રણેય કણો સમક્ષિતિજ સમતલમાં વર્તુળાકાર પથ પર ગતિ કરે છે. જો સૌથી બહારના કણનો વેગ v_0 તો ત્રણેય વિભાગમાં દોરીમાં ઉદ્ભવતાં તણાવબળનો ગુણોત્તર કેટલો થશે ?



(A) 3 : 5 : 7 (B) 3 : 4 : 5
(C) 7 : 11 : 6 (D) 3 : 5 : 6

Answer : D

ઉકેલ: બધા માટે કોણીય વેગ ω સમાન છે.

$T_C = m\omega^2 (3\ell)$

$T_B = T_C + m\omega^2(2\ell) = m\omega^2 (5\ell)$

$T_A = T_B + m\omega^2(\ell) = m\omega^2 (6\ell)$

$\therefore T_C : T_B : T_A :: 3 : 5 : 6$

119 એક કણ $(\frac{20}{\pi})$ m ત્રિજ્યાના વર્તુળ પર અચળ પ્રવેગથી ગતિ કરે છે. જો કણનો વેગ 80 m/s છે. જો ગતિ શરૂ થયાના બીજા ભ્રમણ બાદ સ્પર્શીય પ્રવેગ કેટલો થશે ?

(A) 40 m/s^2 (B) 640 $\pi m/s^2$
(C) 160 $\pi m/s^2$ (D) 40 $\pi m/s^2$

Answer : A

120 બે દળો M અને m શિરોલંબ અક્ષ પર વજનરહિત ℓ લંબાઈની દોરી સાથે જોડેલાં છે. આ તંત્રને સમક્ષિતિજ સમતલમાં આ જ અક્ષની આસપાસ ω જેટલો અચળ કોણીય વેગથી ભ્રમણ કરાવવામાં આવે છે. જો દોરીમાં ઉદ્ભવતું તણાવબળ સમાન હોય, તો M નું અક્ષથી અંતર શોધો.

(A) $\frac{M\ell}{M+m}$ (B) $\frac{m\ell}{M+m}$

(C) $\frac{M+m}{M}\ell$ (D) $\frac{M+m}{m}\ell$

Answer : B

121 m_1 દળના કણને દોરીના એક છેડે અને m_2 ને દોરીની મધ્યામાં જોડેલી છે. આ દોરીને બીજા છેડે જડિત આધાર સાથે બાંધીને સમક્ષિતિજ લીસા ટેબલ પર ભ્રમણ કરાવવામાં આવે છે. ત્યારબાદ આ દોરીના બે ભાગ હંમેશા એક જ સુરેખ રેખામાં હોય છે. અને સમક્ષિતિજ વર્તુળ દર્શાવે છે. તો દોરીના બંને ભાગમાં ઉદ્ભવતું તણાવબળ કેટલું થશે ?

(A) $\frac{m_1}{m_1+m_2}$ (B) $\frac{m_1+m_2}{m_1}$

(C) $\frac{2m_1+m_2}{2m_1}$ (D) $\frac{2m_1}{m_1+m_2}$

Answer : C

ઉકેલ: O ને દોરીને સ્થિર (બાંધેલો) છેડો લો. અને m_2 અને m_1 દળના સ્થાન A અને B આગળ લો. હવે OA = AB = ℓ.

જો T_1 અને T_2 એ ભાગ OA અને OB માં તણાવ હોય અને દોરીનો કોણય વેગ ω હોય તો $T_1 - T_2 = m_2\omega^2\ell$

$\therefore T_2 = m_1\omega^2 (2\ell)$ $\therefore T_1 = w^2\ell (2m_1 + m_2)$

અથવા $\frac{T_1}{T_2} = \frac{2m_1 + m_2}{2m_1}$

122 એક રોડનો શિરોલંબ આડછેદ તેની લંબાઈની દિશામાં 8.9 m ત્રિજ્યાનો છે. તો રોડના મહત્તમ ઊંચાઈના બિંદુએ કાર સરક્યા વિના કેટલી મત્તમ ઝડપથી ગતિ કરી શકશે, ગાડીનું ગુરૂત્વ કેન્દ્ર જમીનથી h = 1.1 m છે.(g = 10 m/sec^2)

(A) 5 m/sec (B) 10 m/sec
(C) 15 m/sec (D) 20 m/sec

Answer : B

123 એક 2 kg ના દળનો પદાર્થ 1 m લાંબી દોરીના છેડે બાંધેલો છે. બીજો છેડો જડિત આધાર સાથે બાંધેલો છે અને તે સમક્ષિતિજ વર્તુળમાં ભ્રમણ કરે છે. દોરી મહત્તમ 2000N નું તણાવબળ સહન કરી શકે છે. તો પદાર્થ દોરી તૂટી ત્યાં સુધીમાં મહત્તમ કેટલાં ભ્રમણ કરી શકશે અને પદાર્થનો રેખીય વેગ શોધો.

(A) 203 rpm, 13.6 m/sec
(B) 32 rpm, 16.3 m/sec
(C) 302 rpm, 61.3 m/sec
(D) 302 rpm, 31.6 m/sec

Answer : D

124 એક પથ્થર સમક્ષિતિજ વર્તુળમાં l લંબાઈની દોરી સાથે બાંધેલો છે જેને આવર્તકાળ T છે. જો દોરીમાં તણાવબળ અચળ રાખવામાં આવે, તો દોરીની લંબાઈ 1% વધે છે. તો આવર્તકાળમાં થતો ફેરફાર ટકામાં શોધો.

(A) 1% (B) 0.5%
(C) 2% (D) 0.25%

Answer : B

125 . એક બિંદુવત્ દળને ગોળાની સપાટી પર તેની ટોચ પરથી સરકી શકે તેમ મૂકેલો છે. જો ગોળાની ત્રિજ્યા r છે. તો કણ ગોળાની સપાટી છોડે તે બિંદુ પાસે ગોળાના કેન્દ્ર અને શિરોલંબ વચ્ચેનો ખૂણો કેટલો થશે ?

(A) શૂન્ય (B) $\cos^{-1}\left(\frac{1}{3}\right)$

(C) $\sin^{-1}\frac{2}{3}$ (D) $\cos^{-1}\left(\frac{2}{3}\right)$

Answer : D

ઉકેલ : $mg\cos\theta - N = \frac{mv^2}{R}$



www.scienceeducare.com

$N = \frac{mv^2}{R} - mg\cos\theta$ ....(i) $\because \frac{mv^2}{2} = mg(R - R\cos\theta)$

અથવા $\frac{mv^2}{R} = 2mg(1-\cos\theta)$ ....(ii)

$N = 2mg(1-\cos\theta) - mg\cos\theta$ ....(iii)

ત્રુટક બિંદુ આગળ $N = 0$

સમીકરણ (iii) ઉકેલતાં, $\theta = \cos^{-1}\left(\frac{2}{3}\right)$

126 ગાડીને કેટલી ન્યૂનત્તમ ઝડપે 150 ત્રિજ્યાના સપાટ વક્ર રસ્તા પર ચલાવવી જોઈએ. જેથી તે સરકે નહીં ? ઘર્ષણાંકનું મૂલ્ય 0.6 લો.

(A) 60 (B) 30

(C) 15 (D) 25

Answer : B

127 પૃથ્વી (દળ = 6×10^{24} kg) સૂર્યની આસપાસ 1.5×10^8 ત્રિજ્યાની કક્ષામાં 2×10^{-7} radian/sec ના કોણીય વેગથી ભ્રમણ કરે છે. તો સૂર્ય દ્વારા પર લાગતું બળ :-

(A) 6×10^{19} N (B) 18×10^{25} N

(C) 36 × 1021 N (D) 27×10^{39} N

Answer : C

128 એક કણ પર સતત અચળ બળ લાગે છે જે તેના વેગની દિશાને લંબરૂપે છે. કણ સમતલમાં ગતિ કરે છે, તો તેની,?

(A) તેનો વેગ અચળ હોય (B) તેનો પ્રવેગ અચળ હોય

(C) તેની ગતિ ઊર્જા અચળ હોય (D) તે સુરેખ રેખા પર ગતિ કરતો હોય

Answer : C

129 અચળ કોણીય ઝડપથી વર્તુળ પર ગતિ કરતાં કણ માટે નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(A) વેગનો સદિશ વર્તુળનો સ્પર્શક છે.

(B) પ્રવેગનો સદિશ વર્તુળનો સ્પર્શક છે.

(C) પ્રવેગનો સદિશ વર્તુળના કેન્દ્ર તરફ છે.

(D) વેગ અને પ્રવેગના સદિશો એકબીજાને લંબ છે.

Answer : B

130 એક રીંગની અંદર અને બહારની ત્રિજ્યા R_1 અને R_2 છે. જે સરકવાની સાથે નિયમિત કોણીય ઝડપથી રોલિંગ કરે છે. તો બે કણ જેમાંથી એક અંદર અને બીજો બહાર મૂકેલો છે. તેના પર લાગતાં બળનો ગુણોત્તર F_1/F_2 ?

(A) $\frac{R_2}{R_1}$ (B) $\left(\frac{R_1}{R_2}\right)^2$

(C) 1 (D) $\frac{R_1}{R_2}$

Answer : D

131 L લંબાઈની ટ્યૂબમાં M દળ અદબનીય પ્રવાહી ભરીને બંને છેડેથી બંધ કરેલ ત્યારબાદ ટ્યૂબને તેના એક છેડેથી સમક્ષિતિજ સમતલમાં નિયમિત કોણીય વેગ ω થી ભ્રમણ કરાવવામાં આવે છે. તો પ્રવાહી વડે બીજા છેડે લાગતું બળ ?

(A) $\frac{ML\omega^2}{2}$ (B) $ML\omega^2$

(C) $\frac{ML\omega^2}{4}$ (D) $\frac{ML^2\omega^2}{2}$

Answer : A

132 એક ગાડી 10m ત્રિજ્યાના વર્તુળકાર કેન્દ્ર પર 10 m/sec ની અચળ ઝડપથી ગતિ કરે છે. એક લોલકને ગાડીની છત પરથી 1.00 m લંબાઈના સળિયાને છેડે લટકાવેલું છે. તો ટ્રેક સાથે સળિયાએ બતાવેલો ખૂણો કેટલો હશે ?

(A) zero (B) 30°

(C) 45° (D) 60°

Answer : C

133 એક નાના બ્લોકને આકૃતિમાં દર્શાવેલ ચાર ટ્રેક પર હડસેલવામાં આવે છે. દરેક ટ્રેક સમાન ઊંચાઈ સુધી વધે છે. દરેક ટ્રેકમાં પ્રવેશતી વખતે બ્લોકની ઝડપ સમાન હોય છે. તો કયા કિસ્સામાં સૌથી ઊંચા બિંદુએ લંબબળ એ મહત્તમ હશે ?

(A) 

(B) 

(C) 

(D) 

Answer : A

134 એક પથ્થરને L લંબાઈની દોરી સાથે બાંધીને શિરોલંબ વર્તુળમાં દોરીના બીજા છેડાને કેન્દ્ર તરીકે લઈ ફેરવવામાં આવે છે. કોઈ ક્ષણે પથ્થરનો સૌથી નીચા સ્થાને ઝડપ u છે. જ્યારે દોરી સમક્ષિતિજમાં આવે ત્યારે વેગના મૂલ્યમાં થતો ફેરફાર કેટલો હશે ?

(A) $\sqrt{u^2 - 2gL}$ (B) $\sqrt{2gL}$

(C) $\sqrt{u^2 - gL}$ (D) $\sqrt{2(u^2 - gL)}$

Answer : D

ઉકેલઃ ઉર્જા સંરક્ષણ પરથી ચારેય તબક્કામાં ટુકડો સમાન ઊંચાઈએ પહોચશે, ચારેય તબક્કામાં મહત્તમ ઊંચા બિંદુએ ટુકડાની ગતિ સમાન હશે. તે v_0 છે, ગતિનું સમીકરણઃ



$N + mg = \frac{mv_0^2}{R}$ અથવા $N \frac{mv_0^2}{R} - mg$

પ્રથમ તબક્કામાં R(વક્રતાત્રિજ્યા) ન્યૂનતમ છે.

∴ પ્રથમ તબક્કામાં લંબ પ્રતિક્રિયા બળ N મહત્તમ થશે.

ઊર્જા સંરક્ષણ પરથી, $v^2 = u^2 - 2gL$

હવે આકૃતિમાં દર્શાવેલા બે વેગ સદિશો પરસ્પર લંબ છે.

$\therefore |\Delta\vec{v}| = \sqrt{u^2 + v^2}$



www.scienceeducare.com

$$\Rightarrow |\Delta \vec{v}| = \sqrt{u^2 + u^2 - 2gL}$$

$$\Rightarrow |\Delta \vec{v}| = \sqrt{2\left(u^2 - gL\right)}$$

135 એક સાદુ લોલક દોલન કરી રહ્યું છે. જ્યારે લોલકનું દોલન તેના મહત્તમ સ્થાનાંતરથી ઓછું હોય, ત્યારે તેના પ્રવેગનો સદિશ બતાવેલો છે. તો નીચેનામાંથી કયું સાચું છે ?

(A) 

(B) 

(C) 

(D) 

Answer : C

ઉકેલ:



136 એક લોલકને L લંબાઈની વજનરહિત દોરી સાથે લટકાવેલ છે. A પાસે સમક્ષિતિજ વેગ v એ B સુધી પહોંચવા માટે પૂરતો છે. તો A થી કેટલા ખૂણે θ એ ઝડપ અડધી થશે ?



(A) $\theta = \frac{\pi}{4}$

(B) $\frac{\pi}{4} < \theta < \frac{\pi}{2}$

(C) $\frac{\pi}{2} < \theta < \frac{3\pi}{4}$

(D) $\frac{3\pi}{4} < \theta < \pi$

Answer : D

137 નિયમિત વર્તુળાકાર કરતા કણનો વર્તુળના P(R, θ) બિંદુએ પ્રવેગ $\vec{a}$ નું મૂલ્ય શોધો (θ એ x - અક્ષની સાપેક્ષે છે)

(A) $\frac{v^2}{R}\hat{i} + \frac{v^2}{R}\hat{j}$

(B) $-\frac{v^2}{R}\cos\theta\,\hat{i} + \frac{v^2}{R}\sin\theta\,\hat{j}$

(C) $-\frac{v^2}{R}\sin\theta\,\hat{i} + \frac{v^2}{R}\cos\theta\,\hat{j}$

(D) $-\frac{v^2}{R}\cos\theta\,\hat{i} - \frac{v^2}{R}\sin\theta\,\hat{j}$

Answer : D

ઉકેલ:



$$\vec{a} = -\frac{V^2}{R}\cos\theta\,\hat{i} - \frac{V^2}{R}\sin\theta\,\hat{j}$$

138 એક 0.5 kg દળનો બોલ 0.5 m લંબાઈની દોરી સાથે બાંધેલો છે. બોલને શિરોલંબ અક્ષની આસપાસ સમક્ષિતિજ વર્તુળમાં ફેરવવામાં આવે છે. દોરી 324 N જેટલું મહત્તમ તણાવબળ સહન કરી શકે છે. તો બોલની શક્ય મહત્તમ કોણીય વેગ કેટલો હશે ?



(A) 9 (B) 18

(C) 27 (D) 36

Answer : D

ઉકેલ:



$$T\sin\theta = m\omega^2\left(L\sin\theta\right) \Rightarrow T = m\omega^2 L$$

$$\omega_{max} = \sqrt{\frac{T_{max}}{mL}} = \sqrt{\frac{324}{0.5 \times 0.5}} = 36\ rad/s$$

139 બે m_1 અને m_2 દળની ગાડીઓ અનુક્રમે r_1 અને r_2 ત્રિજ્યાના વર્તુળ પર ગતિ કરે છે. તેમની ઝડપ એવી છે કે જેથી તેઓ સમાન સમયમાં એક ચક્કર પૂર્ણ કરે છે. તો તેમના કેન્દ્રગામી બળનો ગુણોત્તર કેટલો થશે ?

(A) 1 : 1 (B) $m_1r_1 : m_2r_2$

(C) $m_1 : m_2$ (D) $r_1 : r_2$

Answer : D

www.scienceeducare.com